

ઓગષ્ટ ૨૦૦૮

છૂટક પ્રતના રૂા. ૧૨

બાળવિજ્ઞાનનું




# રસો દેખાડે એ ગુરુ!



તંત્રી તથા સંપાદક :
ડીમ્પલભાઈ મહેતા
વર્ષ : ૧, અંક : ૧
સળંગ અંક : ૧
**ઓગષ્ટ ૨૦૦૮**

સંપર્ક સૂત્ર :
બાળવિજ્ઞાન વિભાગ
ત્રિમંદિર સંકુલ, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઈવે,
મુ.પો. - અડાલજ,
જી.ગાંધીનગર-૩૮૨૪૨૧,ગુજરાત.
ફોન : (૦૭૯) ૩૯૮૩૦૧૦૦
email:akramexpress@dadabhagwan.org
અમદાવાદ: (૦૭૯)
૨૭૫૪૦૪૦૮,૨૭૫૪૩૯૭૯
રાજકોટ ત્રિમંદિર :
૯૨૭૪૧૧૧૩૯૩
વડોદરા : (૦૨૬૫) ૨૪૧૪૧૪૨
મુંબઈ : ૯૩૨૩૫૨૮૯૦૧-૦૩
U.S.A.: 785-271-0869
U.K.: 07956476253
Website:
kids.dadabhagwan.org

**Publisher, Owner & Printed by :**
**Dimplebhai Mehta** on behalf of
**Mahavideh Foundation**
5, Mamtapark Society,
Bh. Navgujarat College,
Usmanpura, Ahmedabad-14.
**Printer/Press :**
**Amba Offset**
Basement, Parshvanath
Chambers, Nr.RBI,
Usmanpura, Ahmedabad-14.

લવાજમ (ગુજરાતી)

વાર્ષિક સભ્ય
ભારત : ૧૦૦ રૂપિયા
યુ.એસ.એ. : ૧૦ ડોલર
યુ.કે. : ૭ પાઉન્ડ

પાંચ વર્ષ
ભારત : ૪૫૦ રૂપિયા
યુ.એસ.એ. : ૪૦ ડોલર
યુ.કે. : ૨૫ પાઉન્ડ
D.D. / M.O. 'મહાવિદેહ ફાઉન્ડેશન'ના નામે મોકલવો.

# રસ્તો દેખાડે એ ગુરુ

## સંપાદકીય

'રસ્તો દેખાડે એ ગુરુ', કેટલી સુંદર વ્યાખ્યા દાદાએ આપી છે ! જેમણે આપણને રસ્તે ચડાવ્યા હોય એનો ઉપકાર શી રીતે ભૂલાય ? કોઈએ સાદી ચા પાઈ હોય તો આપણે એનો ઉપકાર નથી ભૂલતા તો ગુરુનો ઉપકાર ભૂલાતો હશે ?

આજકાલ આપણે ઉપકાર તો શું, એમનું નેગેટિવ જોવામાં કંઈ બાકી નથી રાખતા. એમની મશ્કરીઓ કરીને એમને પજવતા હોઈએ છીએ. પછી આપણે ફરિયાદ કરીએ કે મને ભણવાનું કંઈ યાદ નથી રહેતું. તો કેવી રીતે રહે ?

આ અંકમાં ગુરુની મહત્વતા અંગેની સુંદર સમજણ આપેલી છે. તો ચાલો, આપણે પણ એ સમજીને ગુરુના વિનયમાં રહેતા થઈએ.

*ડીમ્પલ મહેતા*

## અનુક્રમણિકા


| | |
|---|---|
| ૧. ગુરુપૂર્ણિમા | ૩ |
| ૨. દાદા કહે છે... | ૪ |
| ૨. એકલવ્યની ગુરુભક્તિ | ૫ |
| ૩. આ તો નવી જ વાત! | ૭ |
| ૪. ચાલો રમીએ | ૧૦ |
| ૫. ...એ બધા જ આપણા ગુરુ | ૧૨ |
| ૬. ચાલો સીમંધર સીટી જઈએ!!! | ૧૪ |
| ૭. મીઠી યાદેં | ૧૫ |
| ૮. હસો અને હસાવો... | ૧૬ |

# ગુરુપૂર્ણિમા

બાળમિત્રો, અત્યારે આપણે ગુરુપૂર્ણિમા ઉજવવા ભેગા થયા છીએ. તમને ખબર છે ગુરુપૂર્ણિમા કેમ ઉજવાય છે? વિદેશમાં વર્ષમાં એક દિવસ ફાધર્સ ડે અને એક દિવસ મધર્સ ડે ઉજવાય છે.પણ ભારતમાં તો રોજ ફાધર્સ ડે અને મધર્સ ડે ગણાય છે. પણ અહીં વર્ષમાં એક દિવસ ભાઈનો એટલે કે રક્ષાબંધન અને એક દિવસ બહેનનો એટલે કે ભાઈબીજ ઉજવાય છે. એવી જ રીતે એક દિવસ ગુરુનો પણ ઉજવાય છે અને એ છે ગુરુપૂર્ણિમા.

આ દિવસે બધા, પોતાને જેમની પાસેથી જ્ઞાન મળ્યું છે એ ગુરુની ભક્તિ કરે. ખરી રીતે ગુરુપૂર્ણિમા આ અક્રમમાં હોય નહીં. પણ એ નિમિત્તે બધા ભેગા થાય. તે દિવસે દાદાના સંપૂર્ણ વીતરાગ દર્શન થાય. આપણે પણ આ દિવસે બધા મહાત્માઓ ભેગા મળી દાદાની ખૂબ ભક્તિ કરીએ છીએ. કારણ દાદા પાસેથી આપણને આત્મા પ્રાપ્ત થયો છે.

દાદાજી કાયમ કહેતા કે 'આ દિવસે અમે ભગવાન સાથે એક હોઈએ. તેથી તમને અમારા પૂર્ણ સ્વરૂપના દર્શન થાય. આ દિવસે તમે જે જે શક્તિઓ માંગો તે તમને અચૂક મળે.'

તો ચાલો, આપણે પણ આજે દિલથી અને ભાવથી દાદા પાસે ખૂબ શક્તિઓ માંગીએ કે આપણે પોતાના સ્વાર્થ ખાતર ક્યારેય કોઈને દુઃખ ન આપીએ અને સાચી સમજણ પકડીને મોક્ષમાર્ગમાં આગળ ને આગળ વધતા રહીએ.'





# દાદા કહે છે...

પ્રશ્નકર્તા : ગુરુ એટલે શું ?

દાદાશ્રી : આપણે અહીંથી સ્ટેશને જવું હોય તો રસ્તે ચાલતા ચાલતા ગૂંચાઈ જઈએ અને રસ્તો જડે નહીં. રસ્તામાં ભૂલા પડયા હોય તો કોઈને પૂછવાની જરૂર ખરી ? કોની જરૂર પડે ?

પ્રશ્નકર્તા : જાણકારની.

દાદાશ્રી : એ જાણકાર એટલે ગુરુ ! જેને જેને પૂછવું પડે એ ગુરુ કહેવાય. ગુરુ હોય તો જ રસ્તો જડે છે. આ આંખો ના હોય તો શું થાય? ગુરુ એ બીજી આંખ છે ! ગુરુ એટલે આપણને આગળની સૂઝ પાડે.

પ્રશ્નકર્તા : ગુરુ જરૂરી છે ?

દાદાશ્રી : એવું છે ને,જે રસ્તો પોતે ભૂલ્યો, ને તે રસ્તો પોતાને ખબર ના પડે.સ્ટેશનનો રસ્તો ના જાણતા હોય ત્યાં સુધી મુશ્કેલી પડે.પણ રસ્તાનો જાણકાર જોડે મળી ગયો તો આપણે તરત સ્ટેશન પર પહોંચી જઈએ ને? એટલે ગુરુ વગર તો ચાલે જ નહીં. ગુરુ એટલે તો અજવાળું કહેવાય. ઠેઠ સુધી ગુરુ જોઈશે. એટલે માથે ઉપરી જોઈએ જ, દેખાડનારો જોઈએ, ભોમિયો જોઈએ,ગાઈડ જોઈએ જ હંમેશાં. જ્યાં જુઓ ત્યાં ગાઈડ જોઈશે. ગાઈડ વગર કોઈ કામ થશે નહીં. પછી પુસ્તક વાંચો છો, ત્યારે પુસ્તક એ તમારા ગુરુ ન્હોય ? પુસ્તક એ ગુરુ હોય ત્યારે જ વાંચે ને ? કંઈક શીખવાડતું હોય, કંઈ લાભ કરતું હોય ત્યારે જ વાંચે ને ?!

પ્રશ્નકર્તા : હા, બરોબર !

દાદાશ્રી : પુસ્તકો પાસે શીખો છો,એ પુસ્તકોનાં આધારે તમને લાભ થયો. કોઈ પુસ્તકે આપણને માર્ગદર્શન આપ્યું, તો એ ગુરુ કહેવાય. એટલે પુસ્તકેય તમારો ગુરુ છે.

પ્રશ્નકર્તા : ગુરુ રસ્તો બતાવી દે એ રસ્તે ચાલવાનું. પછી ગુરુની જરૂર કે ગુરુને છોડી દેવાના ?

દાદાશ્રી : ના, જરૂર ઠેઠ સુધી.

પ્રશ્નકર્તા : પછી શું જરૂર ?

દાદાશ્રી : આ ગાડીમાં બ્રેક હતી એટલે અથડાયા નહીં, એટલે આ બ્રેક કાઢી નાખવાની ?

## ગુરુ વિના 'જ્ઞાન' નહીં


એટલે કોઈ પણ જ્ઞાન ગુરુ વગર પ્રાપ્ત થાય એવું છે જ નહીં. સાંસારિક જ્ઞાન પણ ગુરુ વગર નહીં થાય અને આધ્યાત્મિક જ્ઞાન પણ ગુરુ વગર થાય એવું નથી. ગુરુ વગર જ્ઞાનની આશા રાખીએ એ બધી ખોટી વાત છે.



# એકલવ્યની ગુરુભક્તિ

એકલવ્ય એક આદિવાસી સરદારનો પુત્ર હતો. નાનપણથી જ એને બાણવિદ્યા શીખવાની ખૂબ ઈચ્છા હતી. એણે ગુરુ દ્રોણાચાર્યને પોતાને શિષ્ય તરીકે સ્વીકારવા વિનંતી કરી. એકલવ્ય શુદ્ર હોવાથી અને પોતે બ્રાહ્મણ હોવાથી તથા પાંડવો અને કૌરવો આદિ રાજકુમારોના ગુરુ હોવાથી એમણે એકલવ્યને શિષ્ય તરીકે સ્વીકારવાની ના કહી.

એકલવ્ય પોતાની ઈચ્છામાં ખૂબ દૃઢ હતો. એણે ગુરુ દ્રોણની માટીની એક પ્રતિમા બનાવી, એને ગુરુ તરીકે સ્વીકારી, એની સામે રોજ બાણવિદ્યા શીખવાનું ચાલુ કરી દીધું. આમ તે પોતાના ધ્યેયમાં આગળ વધતો ગયો.



એક દિવસ પાંડવો, કૌરવો, ગુરુ સહિત જંગલમાં શિકાર માટે ફરતાં ફરતાં એકલવ્ય જ્યાં બાણવિદ્યા શીખી રહ્યો હતો ત્યાં આવી પહોંચ્યા. એમનો કૂતરો એકલવ્યને જોઈ ભસવા લાગ્યો. પોતાની તાલીમમાં ખલેલ થતાં એણે કૂતરાનાં મોંમા એવી રીતે બાણ ફેંક્યા કે એને વાગે નહીં અને ભસવાનું બંધ કરી દે. આ જોઈ ગુરુ દ્રોણ ખૂબ પ્રભાવિત થઈ ગયા. એમણે એકલવ્યને પૂછ્યું, 'તારા ગુરુ કોણ છે?' એકલવ્યએ દ્રોણની પ્રતિમા બતાવતા કહ્યું 'આપ જ મારા ગુરુ છો.'

એકલવ્યની આગળ પરીક્ષા કરવા ગુરુ દ્રોણે એને બધા રાજકુમારો સાથે

ટક્કર લેવા કહ્યું. એકલવ્યએ ગુરુની આજ્ઞા પ્રમાણે કર્યું. એક પછી એક બધા જ રાજકુમારોને હરાવી દીધા.

ગુરુ દ્રોણ તો આ જોતા જ રહી ગયા. બધા શિષ્યોમાં એમને અર્જુન પ્રિયમાં પ્રિય હતો. તેઓ એને શ્રેષ્ઠ બાણાવળી બનાવવા માંગતા હતા. તેથી એમણે એકલવ્ય પાસે 'ગુરુદક્ષિણા' ની માંગ કરી. આ સાંભળી એકલવ્ય ખૂબ જ ખુશ થઈ ગયો અને ગુરુ જે માંગે એ આપવા તૈયાર થઈ ગયો.


ગુરુ દ્રોણે ગુરુ દક્ષિણામાં એના જમણા હાથનો અંગૂઠો માંગ્યો. એનો અર્થ અંગૂઠો કાપ્યા પછી એકલવ્ય અર્જુનથી વધારે સારો બાણાવળી ક્યારેય ન બની શકે. કોઈપણ જાતનો વિચાર કર્યા વગર અને જરાય અચકાયા વગર એકલવ્યએ છરાથી પોતાનો અંગૂઠો કાપી ગુરુના ચરણે ધરી દીધો.




જોયું મિત્રો,
એકલવ્યની ગુરુ
પ્રત્યેની ભક્તિ !

# આ તો નવી જ વાત!


જે સીડીથી ચડવાનું હોય એની ભૂલો જોવા બેસીએ તો ચડી જ ના શકાય. ગુરુ એ તો આગળ વધવા માટેની સીડી છે. એમની ભૂલ ક્યારેય ન જોવાય.


નદીનો પ્રવાહ જેમ ઉપરથી નીચે તરફ વહે એમ જ્ઞાનનો પ્રવાહ પણ ઉપરથી નીચે તરફ વહે. આપણે વિનય રાખીએ તો આપણને જ્ઞાન પ્રાપ્ત થાય.
જ્ઞાન


હું મારા ટીચરનું કહ્યું માનીશ.
ભણવાથી જ્ઞાન નથી આવડતું. કૃપાથી આવડે છે. ગુરુને રાજી રાખવાથી એમની કૃપા આપણા પર ઉતરે અને જ્ઞાન પ્રાપ્ત થાય.


મારા ટીચર કેટલું સારું ભણાવે છે!
ગુરુનું પોઝિટિવ જોવાથી જ્ઞાન ગ્રહણ કરવાની શક્તિ વધતી જાય.



ટીચર બોરીંગ છે!

મને કંઈ યાદ જ નથી રહેતું...



ગુરુની ભૂલો જોવાથી જ્ઞાન ગ્રહણ કરવાની શકિત નબળી થતી જાય.




ભૂલો નહીં જોવાનો અર્થ શું એવો થાય છે કે એમનું દરેક ખોટું કાર્ય ચલાવી લેવાનું?

ના, જરાય નહીં. જો એમને પૈસા સંબંધી લાલચ હોય, ખરાબ ચારિત્રવાળા હોય કે શારીરિક કે માનસિક ત્રાસ આપતા હોય તો તમારે તમારા માતા-પિતાને ચોક્કસ જાણ કરવી જોઇએ. બાકીની બાબતમાં એમનો વિનય ક્યારેય ચૂકવો ન જોઇએ.



# ચાલો રમીએ






આ મધમાખીને ફૂલ સુધી પહોંચવાનો રસો બાાવો.





બાજુમાં આપેલા ચિત્રમાંથી ૧૧ ચોરસ શોધી કાઢો.



# નીચેના બન્ને ચિત્રોમાંથી ૧૦ તફાવત શોધો.









# ... એ બધા જ આપણા ગુરુ






આઠમા ધોરણમાં ભણતી જૂહી ટેનિસની શોખીન હતી. એ નાની હતી ત્યારે એની મમ્મી એને હાથ પકડીને ટેનિસ રમતા શીખવાડતી. ધીમે ધીમે એ ટેનિસમાં હોંશિયાર થતી ગઈ. જ્યારે જ્યારે એ ટી.વી. પર ટેનિસ ચેમ્પિયન સાનિયા મિર્ઝાને જોતી ત્યારે ત્યારે પ્રોત્સાહિત થઈ જતી. આ જોઈને એની મમ્મીને જૂહીના ટેનિસ પ્રત્યેના ખેંચાણનો અંદાજો આવતો. એની મમ્મીએ જૂહીને ટેનિસ ક્લાસમાં મોકલવાનું નક્કી કર્યું. જૂહીએ ખુશી ખુશી ક્લાસીસ જોઈન્ટ કર્યા.

જૂહીના સર પણ જૂહીને ખૂબ પ્રેમથી શીખવાડતા. દરેક પગલે એને પ્રોત્સાહન આપતા. જ્યારે એ ખોટી રીતે રમતી ત્યારે એને શાંતિથી સાચી રીત રમીને દેખાડતા. આમ જૂહી ટેનિસમાં ચેમ્પિયન થતી ગઈ. ઈન્ટર સ્કૂલ ટેનિસ કોમ્પિટીશન માટે એની પસંદગી કરવામાં આવી.



જેમ જેમ કોમ્પિટીશનના દિવસો નજીક આવતા ગયા એમ એમ જૂહીને ટેન્શન વધતું ગયું. ટેન્શનમાં ને ટેન્શનમાં એ સરખું ખાઈ કે સૂઈ શકતી ન હતી. આ એના નાના ભાઈ દીપે જોયું. એણે જૂહીને કહ્યું, 'દીદી, ટેન્શનથી તો જેટલું આવડતું હોય એ પણ ભૂલી જવાય. ચાલ, આપણે ફરવા જઈએ.' એમ કહી દીપ જૂહીને ગાર્ડનમાં લઈ ગયો. બન્નેએ ખૂબ ગપ્પા માર્યા, ખૂબ હસ્યા. જૂહી ખરેખર ફ્રેશ થઈ ગઈ.

કોમ્પિટીશનનો દિવસ આવી ગયો. જૂહી થોડી નર્વસ થઈ ગઈ. તરત જ એણે સ્વસ્થ થઈ ગેમની શરૂઆત કરી.



એક પછી એક ફટકાથી જૂહી ગેમ જીતતી જતી હતી. આખરે ગેમ પૂરી થઈ અને જૂહી ગેમ જીતી ગઈ. જૂહીની ખુશીનો પાર ન રહ્યો. એના ટીચર, ફ્રેન્ડસ, મમ્મી-પપ્પા, દીપ બધા જૂહીને ઘેરી વળ્યા પણ જૂહીની નજર એના ટેનિસ સરને શોધતી હતી. એ સર પાસે દોડી ગઈ અને એમના પગમાં પડી ગઈ. સરે એને અભિનંદન આપ્યા. જૂહીએ કહ્યું, ‘સર, તમારા કારણે હું આ ગેમ જીતી શકી છું.’

સરે કહ્યું, ‘તુ ભૂલે છે જૂહી, ગુરુ કોઈ એક નથી હોતા. જેની જેની પાસેથી આપણે શીખ્યા એ બધા જ આપણા ગુરુ કહેવાય. સૌ પ્રથમ તું તારી મમ્મી પાસેથી ટેનિસ શીખી એ તારી પહેલી ગુરુ. સાનિયા મિર્ઝા કે જેને જોઈને તું પ્રોત્સાહિત થતી હતી એ પણ તારી ગુરુ જ કહેવાય. અને દીપે તને ટેન્શન વગર કેવી રીતે રહેવું એ શીખવાડ્યું. એ પણ તારો ગુરુ કહેવાય. આ દરેકનો ઉપકાર માનજે. આ બધાએ મળીને તને અહીં સુધી પહોંચવામાં મદદ કરી છે.’



જૂહીને આજે સર પાસેથી નવું જ શીખવા મળ્યું,

‘જેની જેની પાસેથી શીખ્યા, એ બધા જ આપણા ગુરુ.’






# ચાલો સીમંધર સીટી જઇએ!!!

હું છું ગપશપ. જાસૂસ ગપશપ. હું તમને સીમંધર સીટીની મસ્ત મસ્ત વાતો કહીશ. આ મેગેઝિન આપણું છે તો સૌથી પહેલા વાત પણ આપણી જ કરવી પડે ને ! અહીં સીમંધર સીટીમાં થોડા દિવસ પહેલા લીટલ એમ.એચ.ટી. ના બાળકોનો પેરેન્ટસ ડે ઉજવાયો હતો. અરે ! એ દિવસે લીટલ એમ.એચ.ટી.ના બાળકોને એમના મમ્મી-પપ્પા સાથે ખૂબ રમાડ્યા હતા. મને તો એ જોઈને બહુ જ મજા પડી ગઈ હતી. મને થયું હું જાસૂસનું કામ મૂકી દઉં અને મારા મમ્મી-પપ્પાને લઈને રમવા માટે આવી જઉં. આખું વાતાવરણ પ્રેમવાળું થઇ ગયું હતું.



'પ્રેમ' ઉપરથી મને નીરૂમા યાદ આવી ગયા. ૮ મી જુલાઈ ૨૦૦૮ એ એમનો ૪૧ મો જ્ઞાન દિવસ હતો. અહીંઆ તો બધાએ ખૂબ સરસ રીતે ઊજવ્યો. સૌથી વધારે મજા તો રાત્રે નીરૂમાની સ્પેશિયલ વીસીડી જોવામાં આવી. મેં આ વીસીડી ચોથી વાર જોઈ છતાં મને નવી જ લાગતી હતી. મને તો લાગે છે નીરૂમા પાસે પ્રેમનું મેગ્નેટ છે જેનાથી એ બધાને ખેંચ્યા કરે છે. તમને શું લાગે છે?



અને હમણાં પાછી ગુરુપૂર્ણિમા ગઈ. સવારે મહાત્માઓએ મ્યુઝિકલ પ્રભાતફેરી કરી જેમાં બધા બાળકોએ પદો ગાયા. બધા જોશમાં આવી ગયા હતા. પછી વિધિ અને આરતી કરી શક્તિઓ માંગી હતી. પછી બપોરે પૂજ્યશ્રીની સ્પેશિયલ વીસીડી જોઈ. મને તો પૂજ્યશ્રી ખૂબ જ ગમે છે. અને એમાંય જ્યારે તેઓ ખડખડાટ હસેને ત્યારે તો મને એટલી મજા પડે, એટલી મજા પડે કે વાત જ ના પૂછો. પછી પૂજ્યશ્રીનો ગુરુપૂર્ણિમાનો સંદેશો સાંભળ્યો. પૂજ્યશ્રી જ્યારે એવું કહેને કે આપણે જગતકલ્યાણ માટે ફના થઈ જવું છે ત્યારે મને થાય કે આપણે પણ ફના થઈ જવું છે. મને તો એ વાતની ખુશી છે કે પૂજ્યશ્રી અહીં આવીને ગુરુપૂર્ણિમા ફરી ઊજવવાના છે. તમે બધા પણ આવશો ને?



હવે આપણે આવતા મહીને ફરી મળીશું, એકદમ મજેદાર અને નવા ન્યુઝ સાથે.

બાય બાય.



# મીઠી યાદેં

હું છું રીપોર્ટર ચપચપ, જાસૂસ ગપશપનો ભાઈ. ગપશપ તમને સીમંધર સીટીના ન્યુઝ આપશે. પણ હું તો પૂજ્યશ્રી પાસેથી ખસતો જ નથી. તેઓ જ્યાં જ્યાં જાય, ઈન્ડિયામાં કે વિદેશમાં, હું મારા કેમેરા સાથે એમની સાથે જ હોઉં. બાપ રે ! દાદાજીનું સાયન્સ શું કામ કરી રહ્યું છે ! પૂજ્યશ્રી પ્રત્યે લોકોની ભક્તિ અને ખેંચાણ દિવસે ને દિવસે વધતા જ જાય છે. એ જોઈને મને ખૂબ જ આનંદ થાય છે. ભક્તિ પરથી મને એક સરસ પ્રસંગ યાદ આવી ગયો એ કહું.

એક દિવસ એક બહેનનો પૂજ્યશ્રી પર ફોન આવ્યો. ફોન એક આપ્તપુત્રે લીધો.





બહેને કહ્યું, ‘‘ફોન પૂજ્યશ્રીને આપશો ? આજે મારા દિકરાનો બર્થ ડે છે.’’

આપ્તપુત્રે કહ્યું, ‘‘પૂજ્યશ્રી હમણાં ફોન પર આવી શકે એમ નથી.’’

બહેને કહ્યું, ‘‘મારા દિકરાને આપ્તપુત્ર બનવું છે. પ્લીઝ, ફોન પૂજ્યશ્રીને આપોને !’’

આપ્તપુત્રે ફરી કહ્યું, ‘‘પૂજ્યશ્રી હમણાં ફોન પર આવી શકે એમ નથી. પણ બર્થ ડે નિમિત્તે જો તમારો દિકરો એક કલાક ‘અસીમ જય જયકાર’ કરે અને શક્તિઓ માંગે તો સારું.’’

બહેને કહ્યું, ‘‘મારો દિકરો એ કરી શકે એમ નથી કારણ એણે હજી બોલવાનું ચાલુ નથી કર્યું.’’

આપ્તપુત્રે આશ્ચર્ય સાથે પૂછયું, ‘‘કેમ ?’’

બહેને જવાબ આપ્યો, ‘‘એ તો હજી બે જ વર્ષનો છે.’’

આપ્તપુત્રે નવાઈ સાથે પૂછયું, ‘‘તો તમે કઈ રીતે કહી શકો છો કે એને આપ્તપુત્ર બનવું છે ?’’

બહેને ખુશી વ્યક્ત કરતાં કહ્યું, ‘‘કારણ કે એ હંમેશા દાદાના ફોટા તરફ જ જોયા કરે છે. તેથી મને ખાતરી છે કે એ ભવિષ્યમાં આપ્તપુત્ર જ થશે.’’

આપ્તપુત્રે ફરી પૂછયું, ‘‘તો હવે એ એક કલાક ‘અસીમ જય જયકાર’ કેવી રીતે કરી શકશે ?’’


બહેને ફટ દઈને જવાબ આપ્યો,‘‘નો પ્રોબ્લેમ, હું એની બાજુમાં એક કલાક ‘અસીમ જય જયકાર હો’ની સીડી મૂકી દઈશ.’’ પૂજ્યશ્રીને જ્યારે આ વાતની જાણ થઈ ત્યારે તેઓ ખૂબ હસ્યા અને મનોમન આશીર્વાદ આપ્યા.


જોયું મિત્રો, મહાત્માની ભક્તિને અને આપ્તપુત્ર બનાવવા માટે પોતાના બાળકને અર્પણ કરી દેવા ઝંખતા મા-બાપને ધન્ય છે ને !

અક્રમ એક્સપ્રેસ
ઓગષ્ટ ૨૦૦૮
વર્ષ : ૧, અંક : ૧
સળંગ અંક : ૧

Posted at AHD.P.S.O. Sorting office Set - 1
on 6th of each month.








# હસો અને હસાવો...





છગનઃ હું ટ્રેનમાં આખી રાત સૂતો જ નથી.

મગનઃ કેમ?

છગનઃ ઉપરની સીટ મળી હતી માટે

મગનઃ તો નીચેવાળા સાથે બદલાવવી જોઇએ ને?

છગનઃ અરે! નીચેની સીટમાં કોઇ હતું જ નહીં જેની સાથે હું બદલાવી શકું.

---

મીનુઃ મમ્મી, મને પાણી આપને!

મમ્મીઃ તું તારી જાતે લઇ લે, મારા હાથ ખરાબ છે.


મીનુઃ પ્લીઝ મમ્મી, મને પાણી આપને!

મમ્મીઃ કહ્યું ને, તારી જાતે લઇ લે, મારા હાથ ખરાબ છે.

મીનુઃ ના મમ્મી, તું મને પાણી આપને!

મમ્મીઃ હવે જો તેં પાણી માગ્યું છે ને તો હું તને મારીશ

મીનુઃ મમ્મી, તું મને મારવા આવે ત્યારે પાણી લઇને આવજે.



---

બાળકોના પુસ્તકો




બાળકોની વેબસાઈટ

માલિક - મહાવિદેહ ફાઉન્ડેશન વતી પ્રકાશક અને મુદ્રક - શ્રી ડિમ્પલભાઈ મહેતા દ્વારા અંબા ઑફસેટ - પાર્શ્વનાથ ચેમ્બર્સ, ઈન્કમટેક્ષ, અમદાવાદ - ૧૪ ખાતે છપાવી પ્રકાશન કર્યું છે.